# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સામાન્ય ચૂંટણી–૨૦૨૪

## જાહેર નોટીસ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સામાન્ય ચૂંટણી–૨૦૨૪ તા.૨૪/૦૯/૨૦૨૪ને મંગળવારના રોજ યોજાનાર છે. બોર્ડની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે તા.૧૩/૦૮/૨૦૨૪ ના જાહેરનામા ક્રમાંક: THE GUJARAT GOVERNMENT GAZETTE PART-II(Ext.) મુજબ તા.03/૦૯/૨૦૨૪ ને મંગળવારના રોજ ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ થયેલ ઉમેદવારીપત્રોની ચકાસણી બપોરના 03:00 કલાક સુધીમાં પૂર્ણ કરીને ઉમેદવારીપત્રો સ્વીકાર થયેલ છે કે અસ્વીકાર તેની નોંધ સહિતની સંવર્ગવાર નોંધાયેલા ઉમેદવારોની યાદી આ સાથે વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે ઉમેદવારોના અરજી પત્રકનો અસ્વીકાર કરવામાં આવેલ છે તેવા ઉમેદવારોએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૫ હેઠળ રચાયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમોના નિયમ-૧૦ ની જોગવાઈ મુજબ અપીલ કરી શકશે.

નિયમ-૧૦(૧) "ચકાસણી આ માટે નક્કી કરેલા દિવસે પુરી કરવામાં આવશે."

નિયમ-૧૦(૨) "ચૂંટણી અધિકારી તે જ દિવસે દરેક ઉમેદવારી પત્ર ઉપર તેનો સ્વીકાર અથવા અસ્વીકાર બાબતના નિર્ણયનો શેરો કરશે અને ઉમેદવારી પત્રનો અસ્વીકાર કરવામાં આવે તો તે આવા અસ્વીકાર માટેના પોતાના કારણોનું સંક્ષિપ્ત નિવેદન કરશે અને આવા નિવેદનની એક નકલ જે ઉમેદવારના નામની દરખાસ્ત નામંજૂર કરી હોય તે ઉમેદવારને તે અર્થે અરજી મળ્યાના ૨૪ કલાકની અંદર પુરી પાડશે.

નિયમ-૧૦(૩) "જેના ઉમેદવારીપત્રનો અસ્વીકાર કરવામાં આવ્યો હોય તે કોઈ ઉમેદવાર ચૂંટણી અધિકારીના હુકમ સામે નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગરને પેટાનિયમ (૨) હેઠળ તે નિવેદન મળ્યાના બે (૨) દિવસની અંદર અપીલ કરી શકશે અને અપીલની નકલ ચૂંટણી અધિકારીને મોકલી શકશે. નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગરને અપીલ રજૂ થયાના ત્રણ (૩) દિવસની અંદર તે અંગે પોતાનો નિર્ણય આપશે અને ચૂંટણી અધિકારીને તે નિર્ણયની તરતજ જાણ કરશે. નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગરનો નિર્ણય આખરી ગણાશે."

આમ, આ સાથે અસ્વીકાર કરેલા ઉમેદવારીપત્રોની વિગત મુકવામાં આવેલ છે. જેથી જે ઉમેદવારોએ અપીલ કરવા માટે ઉમેદવારી પત્રની દરખાસ્ત નામંજૂર અંગેના કારણોની વિગત મેળવવા માટે ચૂંટણી અધિકારી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને ઈ-મેઈલ **gshsebsecretary@gmail.com** ઉપર અરજી મોકલી શકશે અને તેઓને ઈ-મેઈલ મારફતે જ પ્રત્યુત્તર પાઠવવામાં આવશે. તેના આધારે તેઓ નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, જિ. ગાંધીનગરને અસ્વીકારના નિર્ણયની સામે અપીલ કરી શકશે જેની નોંધ લેશો.

સ્થળ :- ગાંધીનગર
તારીખ :- 03/૦૯/૨૦૨૪

(અર્ચના ચૌધરી)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

# ઉમેદવારી પરત ખેંચવા માટેની નોટીસ

ઉમેદવારનું નામ :- ...............................................................

ઉમેદવારી પત્ર નં :- ...................................

ખંડ :- ...............

મત વિભાગ :- ......................................................................

.....................................................................................

.....................................................................................

જિલ્લો :- ................................................

મતદાર ક્રમાંક :- .....................................

તારીખ :- .......................................

પ્રતિ,

ચૂંટણી અધિકારીશ્રી,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર.

વિષય :- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે રજૂ કરેલ ઉમેદવારી પત્ર પરત ખેંચવા બાબત.

સંદર્ભ :- તા......................... ના રોજ .................... ઉમેદવારી પત્ર ક્રમાંકથી ખંડ ............ માટે કરેલ ઉમેદવારી પત્રની અરજી.

ઉપરોક્ત વિષયના અનુસંધાને સવિનય જણાવવાનું કે મેં સંદર્ભદર્શિત વિગતથી ખંડ ........... મત વિભાગ .................................................................................................................................. .................................................................................................................................... માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ-૫ ના પરિશિષ્ટ-અ માં નિર્દેશ કર્યાનુસારના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિના નિયમોના નિયમ ક્રમાંક-૮(૧) મુજબ ખંડ ............. મત વિભાગ ......................................... ....................................................................................................................................... ............................................................... માટે ઉમેદવારી પત્ર ક્રમાંક ............................ થી ચૂંટણી અધિકારીને ઉમેદવારી પત્ર તા.......................... ના રોજ સુપ્રત કરેલ છે અને તેનો પહોંચ નંબર ........................... છે.

મેં ઉપરોક્ત વિગતથી રજૂ કરેલ મારુ ઉમેદવારી પત્ર હું શુધ્ધ બુધ્ધિથી કોઈપણ જાતના દાબ-દબાણ વગર રાજીખુશીથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ચૂંટણી કાર્યરીતિ નિયમોના નિયમ-૧૧(૧) ની જોગવાઈ અનુસાર પરત ખેંચું છું તેમજ ચૂંટણી કાર્યરીતિ નિયમોના નિયમ-૧૧(૨) મુજબ ઉમેદવારી પાછી ખેંચી લીધાની નોટીસ આપી દીધા બાદ, ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટીસ રદ કરી શકાશે નહિ. તે હું જાણુ છું.

મારી ઉમેદવારી પરત ખેંચવા હું રૂબરૂ આવેલ છું અથવા મેં મારી ઉમેદવારી પરત ખેંચવા માટે અધિકૃત કરેલ વ્યક્તિ જેનુ નામ ........................................................................................ છે. જેઓ તેઓની ઓળખ માટે (૧) આધાર કાર્ડની નકલ / (૨) પાન કાર્ડની નકલ / (૩) ચૂંટણી કાર્ડની નકલ / (૪) પાસપોર્ટની નકલ અથવા સરકારે માન્ય કરેલ કોઈપણ ઓળખ કાર્ડ સાથે રજૂઆત કરશે. તેઓની રજૂઆત મેં કરેલી છે તેમ હું સ્વીકારુ છું અને ઉક્ત રજૂઆત બાદ ઉમેદવારી પત્ર ખેંચવા અંગેના નિર્ણયમાં કોઈ ફેરફાર થઈ શકશે નહિ તે હું જાણું છું.

<u>ખાસ નોંધ :-</u>

(૧) ઉમેદવારી પત્ર પરત ખેંચવા માટે ઉમેદવારે જાતે અથવા અધિકૃત કરેલી વ્યક્તિને લેખિત અધિકાર આપીને તેઓ મારફતે અત્રેથી ઉમેદવારી પત્ર સ્વીકાર કર્યાની પહોંચ સાથે રૂબરૂમાં આ અરજી આપવાની રહેશે.

(૨) ટપાલથી કે અન્ય રીતે મોકલેલ આવી અરજી ગ્રાહ્ય રહેશે નહિ.

આપનો વિશ્વાસુ

સ્થળ :- ............................

તારીખ :- .........................

ઉમેદવારની સહી ............................................................

ઉમેદવારનું નામ ...........................................................